#

Shrimad Rajchandra Mission
Dharampur

## <u>પ્રેસ નોટ</u>

## ભારતના ઈતિહાસની અગાઉ ન કહેવાયેલી કથા લઈને
## ગાંધીજી ૮૧ વર્ષ પછી ઓપેરા હાઉસ થિયેટરમાં આવ્યા

### મહાત્મા ગાંધી અને તેમના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ રાજચંદ્રને
### અંજલિ આપતા 'યુગપુરુષ' નાટકનો પ્રિમિયર શૉ વિવિધ વર્ગના અગ્રણીઓએ માણ્યો

**૧૯ ડિસેમ્બર ૨૦૧૬, મુંબઈ:** આખા ભારતમાં એકમાત્ર વિરલ ગણાતું મુંબઈનું ઓપેરા હાઉસ થિયેટર ઈતિહાસ અને વારસાનું, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનું, સામાજિક અને રાજકારણી અગ્રણીઓ, સેલિબ્રિટી તથા નાટક અને ફિલ્મ જગતના કલાકારોનું સાક્ષી બની રહ્યું. રવિવાર ૧૮ ડિસેમ્બરે દીર્ઘદૃષ્ટા અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈની વિશેષ ઉપસ્થિતિમાં **યુગપુરુષ - મહાત્મા કે મહાત્મા** નાટકનો પ્રયોગ ભજવાયો હતો.

આ પ્રયોગમાં રિલાયન્સ ગ્રુપના **ટીના અંબાણી**, બેનેટ કૉલમેન ઍન્ડ કંપનીના ચેરપર્સન **ઈન્દુ જૈન**, બજાજ ઓટોના **મધુર બજાજ**, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના **નિખિલ મેસ્વાણી**, રિલાયન્સ કેપિટલના **અમિતાભ ઝુનઝુનવાલા**, મુકન્દ લિ.ના **નીરજ બજાજ**, ભાજપ મહારાષ્ટ્રના ઉપપ્રમુખ **મંગલ પ્રતાપ લોઢા** તથા તેમના પત્ની **મંજુ લોઢા**, ડૉ. બાત્રાઝ હોમિયોપેથીના ડૉ. **મુકેશ બાત્રા**, કલ્પતરુ ગ્રુપના **મોફતરાજ મુનોટ**, જજ **કે.કે. ટાટેડ**, સામાજિક કાર્યકર **અમલા રૂઈયા** જેવા વિવિધ વર્ગના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ફિલ્મ જગતમાંથી **આશુતોષ ગોવારીકર, જિતેન્દ્ર, વિશાલ ભારદ્વાજ, રેખા ભારદ્વાજ, પ્રેમ ચોપરા, શર્મન જોશી, રોહિત અને માનસી રોય, તનીષા મુકર્જી, વિવાન ભાટેના, મનહર ઉધાસ, દિલીપ જોશી, સતીશ શાહ અને ભાવના સોમૈયા**એ પ્રયોગને મનભરીને માણ્યો હતો.

કેબિનેટ પ્રધાન **સુધીર મુનગંટીવાર**, ઓપરા હાઉસના માલિક તથા ગોંડલના મહારાજા **જ્યોતીન્દ્રસિંહજી** અને તેમનો પરિવાર, અભિનેત્રી **આશા પારેખ** અને અભિનેતા-દિગ્દર્શક **મનોજ શાહે** ૧૮ ડિસેમ્બરે સવારે ગુજરાતી પ્રયોગ જોયો હતો.

ઉત્તમ કથાવસ્તુ, બારીક ગૂંથણી, સમયને અનુરૂપ મંચસજ્જા, કલાકારોનો ઉત્તમ અભિનય, સંવેદનાત્મક સંવાદો દ્વારા ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્રના સંબંધને આ નાટકમાં સુપેરે ઉજાગર કરવામાં આવ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના માર્ગદર્શન હેઠળ શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર વિવિધ આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા શ્રીમદ્ રાજચંદ્રના સંદેશનો પ્રસાર કરે છે. શ્રીમદ્ રાજચંદ્રની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર **યુગપુરુષ - મહાત્મા કે મહાત્મા** નાટક પ્રસ્તુત કરી રહ્યું છે.

**Contd.. (2)**





૧૪ નવેમ્બરે શુભારંભ પામેલા આ નાટકના ૩૫ દિવસોમાં ૪૩ પ્રયોગ થયા છે. સ્ટેન્ડિંગ ઓવેશન મેળવનાર આ નાટક સમાજના વિવિધ વર્ગોમાં ચાહના પામ્યું છે. ઐતિહાસિક મૂલ્ય ધરાવતું આ નાટક કળાકીય રીતે પણ ઉત્તમ છે અને સામાજિક જાગૃતિ માટે પણ પ્રદાન કરી રહ્યું છે.

ગુજરાતીમાં લોકપ્રિય થયા પછી આ નાટક હિંદીમાં ઓપરા હાઉસ થિયેટરમાં ભજવાયું. વર્ષ દરમ્યાન વધુમાં વધુ લોકો સુધી પહોંચવાના પ્રયાસરૂપે ૭ જુદી જુદી ભાષામાં રોજ પ્રયોગો ભજવાશે. આ ભજવણી ભારત ઉપરાંત વિશ્વભરમાં કરવામાં આવશે. આ નાટક અંગ્રેજી, મરાઠી, તામિલ, બંગાળી અને કન્નડ ભાષામાં પણ ભજવાશે.

જાન્યુઆરી ૨૦૧૭થી દક્ષિણ ભારતમાં, ફેબ્રુઆરી અને એપ્રિલમાં ગુજરાત, માર્ચમાં પૂર્વ ભારત, મેમાં યુરોપ, જૂન-જુલાઈમાં ઉત્તર અમેરિકા, સપ્ટેમ્બરમાં મિડલ ઈસ્ટ અને આફ્રિકા તથા નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયા અને પૂર્વ આફ્રિકામાં આ પ્રયોગો યોજાશે.

'મહારથી' ફેમ ઉત્તમ ગડા લિખિત આ નાટકનું દિગ્દર્શન 'કોડ મંત્ર' ફેમ રાજેશ જોષીએ કર્યું છે. હિંદી ફિલ્મોમાં નામ ગાજતું કરનાર સચિન-જિગરની જોડીએ નાટકને અનુરૂપ સંગીત પીરસ્યું છે.

આ નાટક દ્વારા દક્ષિણ ગુજરાતમાં ૨૦૦ બેડની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિર્માણમાં સહકાર આપવામાં આવશે.

મહાત્મા ગાંધીએ આત્મકથામાં પોતાના આ માર્ગદર્શક વિશે લખ્યું હતું કે 'મારે એ કહેવું જોઈએ કે રાયચંદભાઈ જેવી અસર કોઈએ મારા ઉપર નિપજાવી નથી. એમના શબ્દો મારા હૃદયમાં ઘર કરી ગયા. મારી આધ્યાત્મિક કટોકટીની ક્ષણોમાં તેમનો આશ્રય મને મળ્યો.'

૧૯૩૫માં રોયલ ઓપરા હાઉસમાં ગાંધીજીએ પ્રજાને સંબોધન કર્યું હતું. ૮૧ વર્ષ પછી આ જ તખ્તા પર ગાંધીજી પુનઃજીવિત થયા ત્યારે ભારતીય ઈતિહાસની મોહનદાસથી મહાત્મા તરફ લઈ જતી કથાનું એક ન કહેવાયેલું પાનું ખૂલ્યું હતું.

પ્રસ્તુત નાટકમાં ગાંધીજીની આંતરિક અને બાહ્ય સફર તેમના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રેરણાથી કઈ રીતે પ્રભાવિત થઈ તેનું રસપ્રદ નિરૂપણ કરવામાં આવ્યું છે. યુગપુરુષ નાટકમાં નિઃસ્વાર્થ પ્રેમની સીમાને વિસ્તારવાનો, વિવિધતાને આદર આપવાનો, સત્યનું સમર્થન કરવાનો, વિશ્વાસને ઉત્તેજન આપવાનો અને કાયમી સમાજનું નિર્માણ કરવાનો, ભીતરની અંદર ઝાંકી સત્ય અને અભયને પામી ચરિત્રનું નિર્માણ કરવાનો અભિગમ નિરૂપાયો છે.

શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર એક વૈશ્વિક સંસ્થાન છે જે આધ્યાત્મિકતાના પાઠ ભણાવે છે. ૧૦૦થી વધુ સત્સંગ કેન્દ્ર, ૩૧ યુવા ગ્રુપ, ૨૨૭ ડિવાઈન ટચ કેન્દ્ર તથા મૂલ્યશિક્ષણ અને બાળકો માટેના સ્વવિકાસ કાર્યક્રમો ઈસ્ટ અમેરિકા, યુરોપ, આફ્રિકા, એશિયા અને ઑસ્ટ્રેલિયામાં યોજાય છે. શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર વૈશ્વિક ઉત્થાનમાં મદદરૂપ થવા પ્રવૃત્ત છે.

ગાંધીજીએ એપ્રિલ ૧૯૦૯માં પોલોકને લખેલા પત્રમાં શ્રીમદ રાજચંદ્ર વિશે લખ્યું હતું કે 'હું જેમ એમની જિંદગી અને લખાણ જોઉં છું, તેમ મને એ સમયના ભારતનું એક શ્રેષ્ઠ વ્યક્તિત્વ લાગે છે.'

***